# આર્થિક સર્વે 2019-20
## (Economic Survey 2019-20)



**Special Issue**



**ડો. ક્રિષ્નામુર્તિ વી. સુબ્રમણ્યન**
ભારતના મુખ્ય આર્થિક સલાહકાર

- સંપત્તિ નિર્માણ
- જમીની સ્તરે ઉદ્યમશીલતા અને સંપત્તિ નિર્માણ
- વેપાર સમર્થન
- બજારની અવગણના
- ઋણ માફ (Debt Waivers)
- રોજગારીનું સર્જન અને વિકાસ
- 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'
- બેંકના રાષ્ટ્રીયકરણની સ્વર્ણ જયંતી એક સમીક્ષા
- NBFC ક્ષેત્રની નાણાકીય નાજુકતા
- ખાનગીકરણ
- શું ભારતના GDPને વધારીને દર્શાવવામાં આવ્યો છે ? નહીં !
- થાલીનોમિક્સ
- વર્ષ 2019-20 માટે ભારતનું આર્થિક પ્રદર્શન
- ઉદ્યોગ ઉત્પાદન સૂચકાંક
- માનવ વિકાસ સૂચકાંક


ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
સંપાદક : મૌલિક ગોંધિયા (Director - ICE)



Economic Survey 2019-20
Special Issue
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

## ➢ આર્થિક સર્વે 2019-20 (Economic Survey 2019-20)

- તાજેતરમાં 31 જાન્યુઆરી, 2020ના રોજ અર્થાત્ ભારત સરકારના નાણાંકીય વર્ષ 2020-21ના બજેટ રજૂ થવાના એક દિવસ અગાઉ નાણાકીય વર્ષ 2019-20 માટેનો ઈકોનોમિક સર્વે (આર્થિક સર્વેક્ષણ) કેન્દ્રીય નાણાં તથા કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- આર્થિક સર્વે એ એક પ્રકારનો દસ્તાવેજ છે જેમાં ચાલું નાણાકીય વર્ષના અર્થતંત્રની કામગીરીની સમીક્ષા રજૂ કરવામાં આવે છે. ઉપરાંત તેમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રની કેવી તકો છે તેની આગાહી પણ કરવામાં આવે છે. આ સર્વે ભારતના મુખ્ય આર્થિક સલાહકાર દ્વારા બનાવવામાં આવે છે.
- આર્થિક સર્વેની પ્રસ્તાવનામાં આધુનિક અર્થશાસ્ત્રી શ્રી એડમ સ્મિથને યાદ કરવામાં આવ્યા છે તથા તેમના એક મૂળભૂત પ્રશ્ન 'રાષ્ટ્રોની સંપત્તિ અને સમૃદ્ધિનું નિર્માણ કેવી રીતે થયા છે ?'ની ચર્ચા ભારતના સંદર્ભમાં અહીં ફરીથી કરવામાં આવી છે. કારણ કે, ભારત વર્ષ 2019માં વિશ્વનું પાંચમા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું હતું તથા વર્ષ 2025માં 5 ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર સાથે વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવાની ઈચ્છા ધરાવે છે.
- આથી, ભારતમાં 'સાર્વત્રિક અને છેવાડાંના માણસ સુધી પહોંચે તેવી સંપત્તિનું નિર્માણ' કરવું આવશ્યક છે.
- આર્થિક સર્વેએ ભારતમાં સંપત્તિ નિર્માણ માટેના વિચારોના મૂળ સ્ત્રોત કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' તથા થિરુવલ્લુરના 'થિરુકુરલ'ને ગણાવ્યા છે. આમ, સર્વેએ સંપત્તિ નિર્માણ માટે પ્રાચીન સ્ત્રોતો તથા આધુનિક પૂરાવાઓને સામે રાખ્યા છે.
- આર્થિક સર્વેની મહત્ત્વની હાઈલાઈટ્સ મુદ્દાવાર નીચે મુજબની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સંપત્તિ નિર્માણ : વિશ્વાસના અદૃશ્ય હાથોનું મહત્ત્વ

- વિશ્વના આર્થિક ઈતિહાસમાં ભારત એક પ્રભુત્વશાળી અર્થતંત્ર રહ્યું છે જેના માટે કોઈ સંયોગ નહીં પરંતુ અર્થતંત્રની ડિઝાઈન મહત્ત્વની છે.
- કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અર્થતંત્ર માટે મૂલ્ય (Price)નું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.
- ઐતિહાસિક રીતે, ભારતીય અર્થતંત્ર બજારના અદૃશ્ય હાથ (Invisible Hand of the Market) પર નિર્ભર રહ્યું છે જેને 'વિશ્વાસના હાથ' (Hand of Trust) દ્વારા સહાય મળેલી છે.
  (i) બજારના અદૃશ્ય હાથ આર્થિક વિનિમયના ખુલ્લાપણા (Openness)માં જોવા મળે છે.
  (ii) વિશ્વાસના હાથ નૈતિક તથા દાર્શનિક બાજુ દર્શાવે છે.
- ઉદારીકરણ બાદ આપણા પ્રાચીન સાહિત્યોમાં જણાવવામાં આવેલા 'ઈકોનોમિક મોડેલ'ના બંને સ્તંભોને ભારતીય અર્થતંત્ર સહાય કરે છે.
- ભારતની GDP તથા માથાદીઠ GDPમાં ઉદારીકરણ બાદ જે ધરખમ વધારો થયો છે તે શેરબજારમાં થયેલા સંપત્તિ નિર્માણને સુસંગત છે.
- સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ઉદારીકરણ બાદ ખુલ્લા મૂકવામાં આવેલા ક્ષેત્રોનો વિકાસ બંધ રખાયેલા ક્ષેત્ર કરતા ખૂબ વધુ ઝડપે થયો છે.
- ભારતના આર્થિક ક્ષેત્રનું વર્ષ 2011થી વર્ષ 2013 દરમિયાનનું પ્રદર્શન 'વિશ્વાસના હાથ'નું મહત્ત્વ સૂચવે છે.
- ભારતને 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે વિશ્વાસના હાથ તથા બજારના અદૃશ્ય હાથને મજબૂત બનાવવા ખૂબ જ જરૂરી છે.
- અદૃશ્ય હાથને નીચે મુજબની ધંધા-લક્ષી નીતિને અનુસરવાથી મજબૂત બનાવી શકાશે :
  – ધંધામાં પ્રવેશતા નવા લોકોને સમાન તકો પૂરી પાડવી.
  – નિષ્પક્ષ સ્પર્ધા તથા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને સક્ષમ કરવા.
  – કેટલાક બિનજરૂરી સરકારી હસ્તક્ષેપો દ્વારા બજાર નિર્બળ બને છે. આથી, આવી સરકારી નીતિઓને દૂર કરવી.
  – રોજગાર સર્જન માટે વેપારને પ્રોત્સાહન આપવું. – બેંકીંગ ક્ષેત્રને અસરકારક રીતે મજબૂત બનાવવું.
- 'વિશ્વાસ એ એક સાર્વજનિક વસ્તુ છે' : એવા વિચારને વિકસાવવો.
- સર્વેમાં નીતિઓ દ્વારા પારદર્શકતા વધે અને આ નીતિઓનું ડેટા તથા ટેક્નોલોજી દ્વારા અમલીકરણ થાય તેવી ભલામણ પણ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## જમીની સ્તરે ઉદ્યમશીલતા અને સંપત્તિ નિર્માણ

- આ મુદ્દામાં ઉત્પાદનના વિકાસ અને સંપત્તિ નિર્માણ માટે ઉદ્યમશીલતાને મહત્ત્વની સ્ટ્રેટેજી (રણનીતિ) દર્શાવવામાં આવી છે.
- વિશ્વ બેંકની માહિતી મુજબ, નવી કંપની/પેઢીના નિર્માણમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2014 બાદ ભારતમાં નવી કંપનીના નિર્માણમાં ધરખમ વધારો થયો છે.
  – ઔપચારિક ક્ષેત્રમાં વર્ષ 2014થી 2018 દરમિયાન **નવી કંપનીઓ 12.2%ના વાર્ષિક દરે વિકસી** છે જ્યારે આ દર વર્ષ **2006**થી **2014 દરમિયાન 3.8%** હતા.
  – **વર્ષ 2018**માં **1.24 લાખ નવી કંપનીઓ** બની છે અને વર્ષ **2014**માં **70,000 નવી કંપનીઓ** બની હતી. આમ, 80%નો વધારો નવી કંપનીઓના નિર્માણમાં જોવા મળ્યો છે.
- ભારતમાં ઉત્પાદન, માળખાગત સુવિધાઓ અથવા ખેતી કરતાં સેવા ક્ષેત્રમાં નિર્માણ પામતી કંપનીઓનું પ્રમાણ ઘણું વધારે છે.
- સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે છેવાડાના સ્તરે રચાતી કંપનીઓનું નિર્માણ માત્ર જરૂરિયાતોના કારણે થતું નથી. કારણ કે, કોઈ **જિલ્લામાં નવી કંપનીઓ**ના **રજિસ્ટ્રેશનમાં 10%નો વધારો** થતા તે **જિલ્લાના GDDP** (Gross Domestic District Product)માં **1.8%નો વધારો** થયેલો જોવા મળ્યો છે. આમ, જિલ્લા સ્તરે જોવા મળતી ઉદ્યમશીલતાની છેવાડાના સ્તરના સંપત્તિ નિર્માણમાં મહત્ત્વની અસર જોવા મળે છે.
- ભારતમાં નવી કંપનીઓનું નિર્માણ ક્ષેત્ર તથા જિલ્લાઓમાં વૈવિધ્યતા દર્શાવે છે. અર્થાત્ કંપનીઓનું નિર્માણ કોઈ નિશ્ચિત જિલ્લાઓ કે કોઈ નિશ્ચિત ક્ષેત્ર પૂરતું મર્યાદિત નથી.
- ભારતમાં જિલ્લા સ્તરે કંપની નિર્માણમાં સાક્ષરતા અને શિક્ષણનો ફાળો જોવા મળ્યો છે.
  – ભારતના **પૂર્વના વિસ્તારોમાં સાક્ષરતાનો દર 59.6% જેટલો નીચો** જોવા મળે છે. તથા આ જ વિસ્તારોમાં નવી કંપનીઓનું નિર્માણ ઓછું થયું છે, જ્યારે 70%થી વધુ સાક્ષરતા ધરાવતા જિલ્લાઓમાં કંપનીઓનું નિર્માણ વધુ પ્રમાણમાં જોવા મળ્યું છે.
- નવી કંપનીઓના નિર્માણમાં જિલ્લા સ્તરના ભૌતિક માળખા તથા સ્થાનિક શિક્ષણની અસર પણ જોવા મળી છે.
- ઉત્પાદન ક્ષેત્રે નવી કંપનીઓના નિર્માણમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'લચીલા શ્રમ કાયદાઓ' મહત્ત્વના છે.
- આથી, ઉદ્યમશીલતાના વિકાસ માટે જિલ્લા તથા રાજ્યના વહીવટીકર્તાઓએ સાક્ષરતા, શિક્ષણ, ભૌતિક માળખા અને અન્ય નીતિઓ પર ધ્યાન આપવું જોઈએ.



JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વેપાર સમર્થન વિરુદ્ધ પક્ષ સમર્થન (પક્ષવાદ)

- સર્વેમાં ભારતને 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે નીચેના મુદ્દાઓ જણાવવામાં આવ્યા છે :
  - વેપાર સમર્થન ધરાવતી નીતિઓને પ્રોત્સાહન આપવું જેથી સ્પર્ધાત્મક બજારની શક્તિ વિકસે અને સંપત્તિ નિર્માણ થાય.
  - પક્ષવાદ (પક્ષ સમર્થન) ધરાવતી નીતિઓથી દૂર જવું જેથી ખાનગી રુચિઓને સમર્થન ન મળે.
- કોઈ પણ દેશના અર્થતંત્રની રગ/નશ તેનું શેરબજાર હોય છે. ભારતમાં શેરબજાર ક્ષેત્રે 'નિર્માણાત્મક વિનાશ' (Creative Destruction) ઉદારીકરણ બાદ વધ્યો છે.
  - ઉદારીકરણ પહેલા કોઈ કંપની સેન્સેક્ષમાં 60 વર્ષ સુધી ટકી શકે તેવું અનુમાન કરવામાં આવતું પરંતુ ઉદારીકરણ બાદ આ સમયગાળો 12 વર્ષ થયો છે.
  - દર પાંચ વર્ષે સેન્સેક્ષમાંથી એક તૃતીયાંશ (1/3) કંપનીઓ વલોવાય જાય છે, જે સતત નવી કંપનીઓ, ચીજ વસ્તુઓ અને ટેક્નોલોજીનું આગમન દર્શાવે છે.
- ભારતમાં પક્ષવાદી નીતિઓના કારણે એકતરફી લાભ થયા છે. જેમ કે, વર્ષ 2011 સુધી કુદરતી સંસાધનોની વિવેકબુદ્ધી અનુસાર થયેલી ફાળવણીના કારણે લાભાર્થીઓએ માત્ર ભાડાઓ ઉઘરાવ્યાં છે. જે વર્ષ 2014 બાદની સ્પર્ધાત્મક ફાળવણીના કારણે બંધ થયું છે.
- ઉપરાંત પક્ષવાદી ધિરાણના કારણે આર્થિક ભાગેડુંઓ જોવા મળ્યા છે તથા બેંકની સંપત્તિ ક્ષય પામી છે. પરિણામે ગ્રામીણ વિકાસને મળતી સૂક્ષ્મ સબસિડીઓને નુકસાન થયું છે.

## બજારની અવગણના : જ્યારે વધુ પડતા સરકારી હસ્તક્ષેપના કારણે લાભને બદલે નુકસાન થાય છે.

- કેટલીક વખત સરકારી હસ્તક્ષેપના કારણે ધાર્યા કરતાં ઊલટું પરિણામ આવે છે અને પરિણામે સારા વિચારે કરેલા હસ્તક્ષેપોના કારણે સંપત્તિ નિર્માણ માટેની બજારની ક્ષમતાની અવગણના થાય છે. આવા ચાર હસ્તક્ષેપોના ઉદાહરણો અહીં આપવામાં આવ્યા છે.

### 1. અનિવાર્ય વસ્તુ અધિનિયમ (ઈ.સી.એ.) 1955 [Essential Commodities Act (ECA), 1955]



- ઉપરોક્ત અધિનિયમ અંતર્ગત ચીજ વસ્તુઓના જથ્થા પર મૂકવામાં આવેલી મર્યાદાના કારણે ઘણા અવરોધો જોવા મળ્યા છે.
  (i) ખાનગી ક્ષેત્ર દ્વારા સંગ્રહ ક્ષમતાના માળખાનો વિકાસ યોગ્ય રીતે થયો નથી. (ii) ખેત મૂલ્ય શૃંખલા (Agricultural Value Chain) આગળ વધી શકી નથી. (iii) ખેત પેદાશો માટેની રાષ્ટ્રીય બજારના વિકાસ માટે અવરોધ પેદા થયો છે.
- જથ્થા પરની મર્યાદાના કારણે વિવિધ સમયે ડુંગળી, ખાંડ, દાળ વગેરેના ભાવમાં અત્યંત વધારો કે ઘટાડો જોવા મળ્યો છે.
- સર્વે આ જૂના અધિનિયમને સમાપ્ત કરવાની ભલામણ કરે છે.

## 2. ઈ.સી.એ. અંતર્ગત ડ્રગ્સ પ્રાઈસ કંટ્રોલ :

- DPCO, 2013 દ્વારા દવાઓના ભાવમાં નિયંત્રણના કારણે નિયંત્રિત દવાના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ઉપરાંત હોસ્પિટલ પૂરતી મર્યાદિત દવા વધુ મોંઘી બની છે. આથી, પોષાય તેવી દવા આપવા માટેનો DPCOનો ઉદ્દેશ માત્ર નિષ્ફળ જ નથી ગયો પરંતુ કેટલીક જીવન જરૂરિયાતની દવાઓના ભાવમાં વધારો પણ થયો છે.

## 3. ખાદ્ય બજારમાં સરકારી હસ્તક્ષેપ :

- આ હસ્તક્ષેપના કારણે આ મુજબના નકારાત્મક પરિણામો જોવા મળ્યા છે :

(i) ઘઉં અને ચોખા માટે સરકાર પોતે જ સૌથી મોટી ઉત્પાદક અને સંગ્રહ કરનાર બની છે.

(ii) પરિણામે ખાનગી વેપાર ઓછો થયો છે.

(iii) ખાદ્ય સબસિડીનું ભારણ વધ્યું છે.

(iv) બજારની બિનઅસરકારકતાના પરિણામે લાંબા ગાળે કૃષિક્ષેત્રના વિકાસને નકારાત્મક અસર થઈ છે.

## 4. ઋણ માફ (Debt Waivers)

- સંપૂર્ણ ઋણ માફીના લાભાર્થીઓ આંશિક ઋણ માફીના લાભાર્થીઓ કરતાં ઓછી બચત કરે છે, ઓછું રોકાણ કરે છે, ઓછો ઉપભોગ કરે છે અને પરિણામે ઋણ માફી બાદ તેઓ ઓછા અસરકારક બને છે.
- ઉપરાંત ઋણ માફીના કારણે ધિરાણની પદ્ધતિને ખલેલ પહોંચી છે તથા તે જ ખેડૂતોને ભવિષ્યમાં મળતું વ્યવહારિક ધિરાણ ઘટે છે.
- પરિણામે સર્વે ભલામણ કરે છે કે, બિનજરૂરી ક્ષેત્રે સરકારે હસ્તક્ષેપ ન કરવી જોઈએ. પરંતુ સર્વે એવી ભલામણ નથી કરતો કે ક્યાંય પણ સરકારી હસ્તક્ષેપો ના હોવા જોઈએ. આવા બિનજરૂરી હસ્તક્ષેપોને દૂર કરી સ્પર્ધાત્મક બજારને સમર્થન આપવું જોઈએ જેથી રોકાણ અને આર્થિક પ્રવૃત્તિઓની વૃદ્ધિ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેટવર્ક પ્રોડક્ટ્સમાં સ્પેશિયાલાઈઝેશન દ્વારા રોજગારીનું સર્જન અને વિકાસ :

- વૈશ્વિક બજારની વર્તમાન પરિસ્થિતિ ભારતને સઘન શ્રમ દ્વારા કરવામાં આવતા નિકાસ માટેનો માર્ગ બનાવવા માટેની ચીન જેવી તક પૂરી પાડે છે. આ કારણે ભારતના વધતા જતાં યુવા શ્રમબળને રોજગારીની અજોડ તક પ્રાપ્ત થઈ શકશે.
- 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત 'અસેમ્બલ ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ'ને ભેળવવાથી ભારત –

  – પોતાની <u>નિકાસ બજારનો હિસ્સો વર્ષ 2025</u>માં <u>3.5%</u> અને વર્ષ <u>2030</u>માં <u>6%</u> કરી શકશે તથા

  – વર્ષ <u>2025 સુધીમાં 4 કરોડ</u> અને વર્ષ <u>2030 સુધીમાં 8 કરોડ સારા પગારવાળી નોકરીનું સર્જન</u> કરી શકશે.
- વર્ષ 2025માં <u>5 ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર</u> માટે જરૂરી <u>મૂલ્યવર્ધન (Value Added)</u> પૈકી 25% મૂલ્યવર્ધન નેટવર્ક પ્રોડક્ટસના નિકાસ દ્વારા મળી શકે તેમ છે.
- આ તકનો લાભ મેળવવા માટે સર્વે ચીને અપનાવેલી રણનીતિ જેવી જ રણનીતિની ભલામણ કરે છે.
  - સઘન શ્રમબળના ક્ષેત્રો, ખાસ કરીને નેટવર્ક પ્રોડક્સમાં મોટા પાયે સ્પેશિયાલાઈઝેશન
  - નેટવર્ક પ્રોડક્સના અસેમ્બલીંગ (Assembling) કાર્યો માટે ખૂબ જ વિશાળ ધોરણે તીવ્ર ધ્યાન આપવું.
  - ખાસ કરીને સમૃદ્ધ દેશોમાં નિકાસ કરવી.
  - આ માટે વેપારી નીતિ સમર્થક હોવી જોઈએ.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ભારતમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને લક્ષ્ય બનાવવું

- ભારતે વિશ્વ બેંકના 'ડુઈંગ બિઝનેસ' રિપોર્ટના ક્રમાંકોમાં 2014થી 2019 દરમિયાન 79 સ્થાનોની છલાંગ મારી છે અને 142માંથી 63મા સ્થાને પહોંચ્યું છે. આમ છતાં ભારત કેટલાક માપદંડોમાં હજુ પાછળ છે. જેવા કે :

  – વેપાર શરૂ કરવાની સરળતા (Ease of Starting Business), મિલકતની નોંધણી કરવી (Registering Property), કર ભરવો (Paying Taxes), કરારોને અમલી બનાવવા (Enforcing Contracts)

- સર્વેના અધ્યયન પરથી જાણવા મળ્યું છે કે, બેંગલૂરુ એરપોર્ટ દ્વારા કરવામાં આવતી ઈલેક્ટ્રોનિક્સની આયાત-નિકાસ ભારતનું વિશ્વસ્તરીય લોજિસ્ટિક્સ ક્ષેત્ર (સંચાર તંત્ર) દર્શાવે છે. ભારતમાં વહાણોનો વળાંકનો સમય (Turnaround Time) 2010-11માં 4.67 દિવસ હતો જે 2018-19માં ઘટીને 2.48 દિવસ થયો છે.
- વધારે વેપારની સરળતા (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ) માટેની સર્વેની ભલામણો :

  – ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, કેન્દ્રીય અપ્રત્યક્ષ કર બોર્ડ, વહાણવટા મંત્રાલય અને વિવિધ બંદર સંસ્થાઓ વચ્ચે સમન્વય સાધવો અનિવાર્ય છે. સ્વતંત્ર ક્ષેત્રો જેવા કે પ્રવાસન અને ઉત્પાદનને વધુ કેન્દ્રિત પદ્ધતિની જરૂર છે જેથી જે-તે ક્ષેત્રની પ્રક્રિયાઓને ધીમા પાડતા બિંદુઓને દૂર કરી શકાય.




## બેંકના રાષ્ટ્રીયકરણની સ્વર્ણ જયંતી એક સમીક્ષા

- વર્ષ 2019 એ બેંકોના રાષ્ટ્રીયકરણનું સ્વર્ણ જયંતીનું વર્ષ છે.
- વર્ષ 1969થી ભારતનું બેંકિંગ ક્ષેત્ર ભારતના અર્થતંત્રના કદના વિકાસને સંગત રીતે વિકસી શક્યું નથી.
- વિશ્વની ટોચની 100 બેંકોમાં ભારતની માત્ર 1 બેંક જ છે. આ પ્રમાણ ભારત કરતા ઘણું નાનું કદ ધરાવતા દેશો જેવા કે ફિનલેન્ડ અને ડેનમાર્ક જેટલું જ છે.
- મોટા અર્થતંત્રને તેની પ્રગતિ જાળવી રાખવા માટે અસરકારક બેંકીંગ ક્ષેત્રની જરૂર હોય છે.
- ભારતમાં બેંકીંગ ક્ષેત્રમાં જાહેર ક્ષેત્રની બેંકો (PSB)નો હિસ્સો 70% જેટલો છે. આથી, અર્થતંત્રને સહાય કરવાની જવાબદારી જાહેર ક્ષેત્રની બેંકો પર રહેલી છે.
- ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકો લગભગ દરેક માપદંડમાં તેની સ્પર્ધક બેંકો કરતા બિનઅસરકારક છે.
- વર્ષ 2019માં જાહેર ક્ષેત્રની બેંકોએ પ્રતિ 1 રૂપિયાના ધિરાણ પર 23 પૈસાની ખોટ કરી છે. જ્યારે નવી ખાનગી બેંકોએ 9.6 પૈસાનો નફો કર્યો છે.
- છેલ્લા કેટલાક વર્ષોથી જાહેર ક્ષેત્રની બેંકોમાં નવી ખાનગી બેંકો કરતા ધિરાણની વૃદ્ધિ ઓછી રહી છે.
- જાહેર ક્ષેત્રની બેંકોને અસરકારક બનાવવાના કેટલાક ઉપાયો :
  - બેંકોના કર્મચારીઓ માટે ESOP (Employee Stock Ownership Plan) લાવવો.
  - કર્મચારીઓના બ્લોકના પ્રમાણમાં તેમને બેંક બોર્ડમાં પ્રતિનિધિત્વ આપવું જેથી કર્મચારીઓને પોતાની રુચિ બેંકના હિસ્સેદારોની રુચિ સાથે એકરૂપ કરવા માટે પ્રોત્સાહન મળી રહે.
  - GST નેટવર્ક જેવી એક સંસ્થાની રચના જાહેર ક્ષેત્રની બેંકો માટે કરવી જેથી આ સંસ્થા વિવિધ ધિરાણ સંબંધી નિર્ણયો લેવા માટે દરેક બેંકોના ડેટાનો યોગ્ય ઉપયોગ નવીન ટેક્નોલોજીઓ જેવી કે બિગ ડેટા, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અને મશીન બર્નીંગ દ્વારા કરી શકે. પરિણામે મોટા ધિરાણધરોની દેખરેખ તથા તેમનું સ્કીનીંગ વધુ સારી રીતે થઈ શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## NBFC ક્ષેત્રની નાણાકીય નાજુકતા

- NBFCનું પૂરું નામ Non-Banking Financial Company છે.
- ભારતની NBFC ક્ષેત્રની વર્તમાન તરલતાની અછતની બાબતે શેડો બેંકીંગ પ્રણાલી (Shadow Banking System)ના પુનઃમુદ્રીકરણના જોખમો (Rollover Risk)ના મુખ્ય ચાલકો નીચે મુજબના છે :
  - ALM જોખમ (ALM-Asset Liability Management)
  - આંતરજોડાણનું જોખમ
  - NBFCની નાણાકીય અને ઓપરેટીંગ અવરોધ
  - ટૂંકા ગાળાના જથ્થાબંધ ફંડીંગ પર વધુ નિર્ભરતા
- સર્વેએ આ ક્ષેત્રના જોખમોની ગણતરી કરીને એક હેલ્થ સ્કોર (Health Score) તૈયાર કર્યો છે.
- આ સ્કોર દ્વારા આવનારા તરલતાના જોખમોની આગોતરી ચેતવણી મળી શકશે તેમ સર્વે દ્વારા જણાવવામાં આવ્યું છે.
- સર્વે NBFCની નાણાકીય નાજુકતા દૂર કરવા માટે તેમની તરલતાને પ્રબળ બનાવવાની ભલામણ કરે છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ખાનગીકરણ અને સંપત્તિ નિર્માણ :

- સર્વે દ્વારા ખાનગીકરણ દ્વારા થયેલ અસરકારકતાના લાભોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના એકમોના વધુ પ્રબળ વિમૂડીકરણ માટેની રજૂઆત કરવામાં આવી છે.
- HPCLમાં કરવામાં આવેલા 53.29% વિમૂડીકરણના કારણે રાષ્ટ્રીય સંપત્તિમાં આશરે 33,000 કરોડ રૂપિયાનો વધારો થયો છે.
- સર્વે દ્વારા વિમૂડીકૃત થયેલી વિવિધ કેન્દ્રીય સંસ્થાઓના અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે :
  - ખાનગીકરણ બાદ વિવિધ નાણાકીય માપદંડો જેવા કે નેટ વર્થ (Net Worth), ચોખ્ખો નફો, મિલકત પરનું વળતર (ROA - Return on Assets), ઈક્વિટી પર વળતર (Return on Equity) વગેરેમાં સરેરાશ રીતે સારો એવો સુધારો જોવા મળ્યો છે.
  - ખાનગીકૃત થયેલ કેન્દ્રીય ક્ષેત્રના જાહેર એકમો તેટલા જ સ્ત્રોતમાંથી વધુ સંપત્તિનું સર્જન કરી શકે છે.
- સર્વે દ્વારા નીચેના લાભ માટે ખાનગીકરણનો વેગ વધારવાનું સૂચવવામાં આવ્યું છે.
  - વધુ નફા ક્ષમતા લાવવા
  - અસરકારકતાને પ્રોત્સાહન આપવા
  - આવકની સ્પર્ધાત્મકતા માટે અને
  - પ્રોફેશનાલિઝમને પ્રોત્સાહન આપવા

## શું ભારતના GDPને વધારીને દર્શાવવામાં આવ્યો છે ? નહીં !

- રોકાણકારો અને નીતિ બનાવનારાઓ માટે GDPનો વૃદ્ધિદર એક મહત્ત્વનો માપદંડ છે. આથી, ભારતના GDPની ગણતરી વિશેની વર્તમાન ચર્ચાઓ મહત્ત્વપૂર્ણ છે.
- દરેક દેશમાં GDPની માપવાની પદ્ધતિ કેટલીક દેખિતી કે અણદેખી રીતે કેટલાક પરીબળોને કારણે અલગ પડતી હોય છે. આથી, વિવિધ દેશોની GDPની સરખામણી કરવા આ વિવિધ પરિબળોને એકરૂપ કરવા જરૂરી છે.
- જે પદ્ધતિ દ્વારા વર્ષ 2011 પછીનો ભારતનો GDPનો વૃદ્ધિદર 2.7% વધુ પડતો આવે છે. તે જ પદ્ધતિ દ્વારા તે જ સમયગાળા માટેનો 95માંથી 51 દેશોનો GDP દર ઓછો પડતો જોવા મળ્યો છે.
- ભારતના GDPની ખોટી ગણતરીની ચર્ચાઓને પૂરવાર કરવા માટેની માહિતીઓ પર્યાપ્ત પણે મળતી નથી, આથી આ ચર્ચાઓ સંપૂર્ણ રીતે ખોટી ઠરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## થાલીનોમિક્સ : ભારતની જમવાની 'થાળી'નું અર્થશાસ્ત્ર

- સમગ્ર ભારતમાં એક જમવાની થાળી માટે સામાન્ય માણસ કેટલી ચૂકવણી કરે છે તેને ગાણિતિક સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ એ 'થાલીનોમિક્સ' છે.
- ભારતમાં વર્ષ 2015-16થી થાળીના મૂલ્યમાં થયેલા પરિવર્તનો અહીં દર્શાવવામાં આવ્યા છે.



- સમગ્ર ભારતમાં વર્ષ 2015-16થી શાકાહારી થાળીના નિરપેક્ષ મૂલ્યમાં સારો એવો ઘટાડો નોંધાયો છે. જો કે 2019-20 દરમિયાન આ મૂલ્યમાં વધારો પણ નોંધાયો છે.
- શાકાહારી થાળીના ભાવમાં ઘટાડાના કારણે સામાન્ય પરિવારને આશરે પ્રતિવર્ષ રૂ. 11,000ની બચત થઈ છે.
- જે પરિવાર દિવસની બે માંસાહારી થાળીનો વપરાશ કરે છે તેમને સમાન સમયગાળામાં પ્રતિવર્ષ રૂ. 12,000ની બચત થઈ છે.
- વર્ષ 2006-07થી 2019-20ના સમયગાળા દરમિયાન શાકાહારી થાળી 29% વધુ એફોર્ડેબલ અને માંસાહારી થાળી 18% વધુ એફોર્ડેબલ બની છે.

## વર્ષ 2019-20 માટે ભારતનું આર્થિક પ્રદર્શન

- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ છ માસ (H1) દરમિયાન ભારતનો GDP વૃદ્ધિદર 4.8% જેટલો મધ્યમ રહ્યો હતો. આ માટેનું કારણ ઉત્પાદન, વેપાર અને માંગ ક્ષેત્રનું નબળું વૈશ્વિક પર્યાવરણ હતું.
- ભારતનું બાહ્ય ક્ષેત્ર 2019-20ના પ્રથમ છ માસ દરમિયાન સ્થિર/સંતુલિત થયું છે. કારણ કે, ભારતની ચાલુ ખાતાની ખાધ (CAD - Current Account Deficit) આ સમયગાળા દરમિયાન GDPના 1.5% જેટલી ઓછી જોવા મળી છે. આ ખાધ 2018-19ના સમયગાળા માટે GDPના 2.1% જેટલી હતી.
- મુખ્ય ગ્રાહક ભાવ સૂચકાંક (CPI Core) અને જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ડિસેમ્બર, 2019માં વધારો જોવા મળ્યો છે. જે વધતી જતી માંગનું દબાણ સૂચવે છે.
- નાણાકીય વર્ષ 2019-20માં ડિસેમ્બર, 2019 સુધીમાં કુલ માસિક GSTની આવક 5 વખત રૂ. 1 લાખ કરોડના સીમાચિહ્નને વટાવી ચૂકી છે.
- ભારતનું ફોરેન રિઝર્વ 10 જાન્યુઆરી, 2020ના રોજ 461.2 બિલિયન ડોલર જેટલું છે.
- ભારતના 5 ટોચના વેપારી ભાગીદાર દેશો : યુ.એસ., ચીન, યુ.એ.ઈ. (UAE), સાઉદી અરેબિયા અને હોંગકોંગ છે.
- ભારત આ દેશોમાં સૌથી વધુ નિકાસ કરે છે. (વર્ષ 2019-20ના એપ્રિલથી નવેમ્બર દરમિયાન) : યુ.એસ., યુ.એ.ઈ., ચીન અને હોંગકોંગ
- ભારતની મુખ્ય નિકાસો : પેટ્રોલિયમ પેદાશો, કિંમતી પથ્થરો, ઔષધિય ફોર્મ્યુલા તથા જીવ-વૈજ્ઞાનિક તત્ત્વો, સોનું તથા અન્ય કિંમતી ધાતુઓ.
- ભારત આ દેશોમાંથી ક્રમશઃ સૌથી વધુ આયાત કરે છે : ચીન, યુ.એસ., યુ.એ.ઈ. અને સાઉદી અરેબિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતની મુખ્ય આયાતો : ક્રૂડ પેટ્રોલિયમ, સોનું, પેટ્રોલિયમ પેદાશો, કોલસો, કોક તથા બ્રિકેટ (Coke & Briquittes)
- ભારતનું લોજિસ્ટિક ક્ષેત્ર (સંચાર તંત્ર) :
  - તેનું વર્તમાન કદ 160 બિલિયન ડોલર
  - જે વર્ષ 2020માં 215 બિલિયન ડોલર સુધી પહોંચી શકશે.
  - વિશ્વ બેંકના લોજિસ્ટિક પ્રદર્શન સૂચકાંક (Logistics Performance Index) મુજબ, વર્ષ 2018માં ભારતનો વિશ્વમાં ક્રમ 44મો હતો જે વર્ષ 2014માં 54મો હતો.
  - આમ, ભારત આ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે.
- સપ્ટેમ્બર, 2019ના અંતમાં બાહ્ય દેવું GDPના 20% હતું.
- UNના 2019માં જાહેર કરવામાં આવેલા 'માઈગ્રેશન રિપોર્ટ' મુજબ ભારતથી 2019 સુધી 17.5 મિલિયન પ્રવાસી ભારતીયો છે.
- 2019-20માં નાણાકીય નીતિને ઉદાર રાખવામાં આવી હતી.
- ઓછો વૃદ્ધિદર અને ઓછા ફુગાવાના દરના કારણે નાણાકીય નીતિ સમિતિની 4 બેઠકોમાં 110 બેસિસ પોઈન્ટનો ઘટાડો રેપો રેટમાં કરવામાં આવ્યો હતો. પરંતુ ડિસેમ્બર 2019ની 5મી બેઠકમાં આમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.
- માર્ચથી ડિસેમ્બર, 2019ની વચ્ચે શિડ્યુલ બેંકોનું NPA 9.1% રહ્યું હતું.
- NBFC માટે NPA 6%થી વધીને 6.3% થઈ ગયો હતો.
- બેંકોની ઋણ વૃદ્ધિ એપ્રિલ 2019માં 12.9% હતી જે ડિસેમ્બર, 2019માં 7.1% થઈ ગઈ છે.
- Capital to Risk Assets Ratio (CRAR) 14.3%થી વધીને 15.1% થઈ ગયો છે.
- વર્ષ 2019 મુજબ વર્તમાન અંદાજ મુજબ દેશનો કુલ વન વિસ્તાર 7,12,249 વર્ગ કિમી. છે. જે દેશના ભૌગોલિક ક્ષેત્રનું 21.67% છે.

- ભારતમાં વનોની સ્થિતિ નીચે મુજબ છે.

| વનના પ્રકાર | વર્ગ/કિમી. | ટકાવારી |
|---|---|---|
| i) અતિ સઘન વન | 99,278 | 3.02 |
| ii) મધ્યમ સઘન વન | 3,08,472 | 9.39 |
| iii) ખુલ્લા વન | 3,04,499 | 9.26 |

- નીચેના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જેમના જંગલ વિસ્તારમાં વધારો નોંધાયો છે.

i) કર્ણાટક – 1025 વર્ગ/કિમી.
ii) આંધ્રપ્રદેશ – 990 વર્ગ/કિમી.
iii) કેરળ – 823 વર્ગ/કિમી.
iv) જમ્મુ કાશ્મીર – 371 વર્ગ/કિમી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI PRELIMS

# ફ્રી MOCK TEST

**OPEN TO ALL**

આ ફ્રી પેપર પ્રેક્ટીસમાં
દરેક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

## દરેક પેપરના 200 માર્ક્સ અને 2 કલાક

| | |
|---|---|
| PAPER - 1 (full syllabus) | 08 MAR-20 |
| PAPER - 2 (full syllabus) | 15 MAR-20 |
| PAPER - 3 (full syllabus) | 22 MAR-20 |
| PAPER - 4 (full syllabus) | 29 MAR-20 |
| PAPER - 5 (full syllabus) | 05 APR-20 |
| PAPER - 6 (full syllabus) | 12 APR-20 |



- તાજેતરમાં GPSC CLASS 1/2 બનેલા ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપર
- પેપર અટેન્ડ કરવાની યોગ્ય પદ્ધતિ
- બે ઓપ્શન વચ્ચેની સંભાવનાઓમાં સચોટ જવાબ માટે કેલ્ક્યુલેટિવ રિસ્ક ટેક્નિક અંગે માર્ગદર્શન
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની વિશાળ શૃંખલા
- કન્સેપ્ચ્યુઅલ અને ફેક્ચ્યુઅલ ડેટાનું કોમ્બિનેશન

**રજીસ્ટ્રેશન ફરજિયાત**

રજીસ્ટ્રેશન માટે સેન્ટરનો સંપર્ક કરો.

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| રાજકોટ 9375701110 | અમદાવાદ 84695-01110 | ગાંધીનગર 81406-01110 | જૂનાગઢ 76985-01110 |

icerajkotofficial | www.iceonline.in | icerajkot

- નીચેના રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના વન વિસ્તારમાં ઘટાડો થયો છે.
  (i) મણિપુર (ii) અરુણાચલ પ્રદેશ (iii) મિઝોરમ
- વિદેશમાં રોજગારી મેળવેલ ભારતીયો દ્વારા ભારતમાં મોકલવામાં આવતું કુલ ધન (Remittances) સતતપણે વધી રહ્યું છે. આ મૂલ્ય વર્ષ 2019-20ના પ્રથમ છ માસ માટે 38.4 બિલિયન ડોલર હતું જે ગત વર્ષના આ સમયગાળા કરતા 50% જેટલું વધારે છે.
- ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ફુગાવો 2018-19ના એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન 3.7% હતો, જે વધીને 2019-20ના એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન 4.1% થયો છે.
- ઉપરોક્ત સમયગાળા માટે જ જથ્થાબંધ ભાવ સૂચકાંક 4.7%થી ઘટીને 1.5% થયો છે.
- ભારત ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG)ના અમલીકરણના માર્ગ પર સારી રચાયેલી પહેલોના કારણે આગળ વધી રહ્યું છે.
- UNFCCCની COP-25 દરમિયાન ભારતે પેરિસ કરારને અમલી બનાવવાની પ્રતિબદ્ધતા ફરીથી સૂચવી હતી. (UNFCCCનું પૂરું નામ United Nations Framework Convention on Climate Change છે તથા COPનું પૂરું નામ Conference of Parties છે.)
- ભારતમાં વન તથા વૃક્ષ આવરણ વધીને 80.73 મિલિયન હેક્ટર થયું છે. જે ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના 24.56% જેટલું છે.
- ભારતમાં કૃષિ પેદાશોના કચરાનું દહન એ મોટી સમસ્યા છે. આ કારણે પ્રદૂષકોના સ્તરમાં વધારો થઈ રહ્યો છે તથા વાયુની ગુણવત્તામાં ઘટાડો થઈ રહ્યો છે. ઉપરાંત ઘણા પ્રયત્નો કરવા છતા દહનની ઘટનાઓ નિયંત્રણમાં આવી રહી નથી.
- ભારતની સૌથી મોટા ભાગની વસતી હાલ રોજગારીની તકો માટે ખેતી પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આધાર રાખે છે.
- કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓનો ભારતની GVA (Gross Value Added)માં ફાળો સતત રીતે ઘટી રહ્યો છે. જેનું કારણ બિનકૃષિ ક્ષેત્રોનો વધુ વિકાસ છે. આ એક કુદરતી વિકાસ પ્રક્રિયાનો ક્રમ છે.
- ભારતમાં આધાર કિંમતે વર્ષ 2019-20 માટે 'ખેતી, વન પ્રવૃત્તિ અને માછીમારી' ક્ષેત્રનો GVAનો વિકાસ દર 2.8% રહેશે તેમ નિર્ધારિત કરવામાં આવ્યું છે.
- ભારતમાં ઓછા યાંત્રિકીકરણના કારણે ખેત ઉત્પાદન ઓછું જોવા મળે છે. ભારતમાં ખેત ક્ષેત્રે યાંત્રિકીકરણ 40% જેટલું છે. આ પ્રમાણ ચીન માટે 59.5% અને બ્રાઝિલ માટે 75% છે. આમ, કૃષિ યાંત્રિકીકરણની બાબતે ભારત વિકાસશીલ દેશો કરતા પણ પાછળ છે.
- લાખો ગ્રામ્ય પરિવારો માટે પશુપાલન મહત્ત્વનો દ્વિતીયક આવકનો સ્ત્રોત છે. પશુપાલન ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યને મહત્ત્વની સહાય આપશે. તથા પશુપાલન ક્ષેત્ર છેલ્લા પાંચ વર્ષોથી 7.9%ના સરેરાશ વાર્ષિક દરે વિકસી રહ્યું છે.
- ઉદ્યોગ ઉત્પાદન સૂચકાંક (IIP - Index of Industrial Production) મુજબ, ઔદ્યોગિક ક્ષેત્રએ વર્ષ 2019-20ના એપ્રિલથી નવેમ્બરના સમયગાળા દરમિયાન 0.6% વિકાસ નોંધાવ્યો છે. ગત વર્ષના આ સમયગાળા માટે ઔદ્યોગિક ક્ષેત્ર 5.0%ના દરે વિકસ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2019-20ના એપ્રિલથી નવેમ્બરના સમયગાળા માટે ખાતર ક્ષેત્રનો વિકાસ દર 4.0% જોવા મળ્યો છે. આ દર વર્ષ 2018-19ના એપ્રિલથી નવેમ્બરના સમયગાળા માટે -1.3% (માઈનસ) હતો.
- વર્ષ 2019-20ના એપ્રિલથી નવેમ્બરના સમયગાળા માટે સ્ટીલ ક્ષેત્રનો વિકાસ દર 5.2% હતો જે ગત વર્ષના આ સમયગાળા માટે 3.6% હતો.
- ભારતમાં 30 સપ્ટેમ્બર, 2019 મુજબ કુલ ટેલિફોન કનેક્શન 119.43 કરોડ છે.
- ભારતની વીજ ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા 31 માર્ચ, 2019ના રોજ 3,56,100 MW હતી જે વધીને 31 ઓક્ટોબર, 2019ના રોજ 3,64,960 MW થઈ છે.
- વર્ષ 2020-2025 સુધીમાં આંતરમાળખામાં 102 લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે.
- ભારતમાં સેવા ક્ષેત્ર સારી એવી વૃદ્ધિ દર્શાવી રહ્યું છે કારણ કે આ ક્ષેત્ર ભારતની કુલ GVA (Gross Value Added) તથા અર્થતંત્રનો 55% હિસ્સો ધરાવે છે.
- ભારતમાં આવતા પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) પૈકી 2/3 રોકાણ માત્ર સેવાક્ષેત્રમાં આવ્યું છે.
- કુલ નિકાસ પૈકી સેવા ક્ષેત્રનો હિસ્સો 38% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




- ભારતમાં કેન્દ્ર તથા રાજ્ય દ્વારા સામાજિક સેવાઓ (શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય) પર કરવામાં આવતા ખર્ચમાં વધારો જોવા મળ્યો છે. વર્ષ 2014-15માં GDPના પ્રમાણમાં આ ક્ષેત્ર પરનો ખર્ચ 6.2% હતો જે વધીને વર્ષ 2019-20માં 7.7% થયો છે.
- માનવ વિકાસ સૂચકાંક (HDI - Human Development Index)માં ભારતનો ક્રમ 130મો હતો જે થોડો સુધરીને 2018મા 129મો થયો છે.
- ભારતના HDIમાં વાર્ષિક રીતે 1.34%ની વૃદ્ધિ થાય છે. આ દર ભારતને HDIના સંદર્ભે ઝડપથી સુધરતો દેશ બનાવે છે.
- આમ છતાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ અભ્યાસમાં કુલ નોંધણી દર (Gross Enrolment Ration) વધારવાની જરૂર છે.
- ભારતના અર્થતંત્રમાં કુલ ઔપચારિક (Formal) રોજગારી વર્ષ 2011-12માં 8% હતી જે વધી વર્ષ 2017-18માં 9.98% થઈ છે.
- નિયમિત રીતે વેતન મેળવતા કર્મચારીઓમાં 5%નો વધારો થયેલો છે. 2011-12માં તે 18% હતા જે 2017-18માં વધીને 23% થયેલ છે.
- 2.62 કરોડ નવા રોજગાર ઊભા કરાયેલ છે. જેમાં 1.21 કરોડ ગામડાઓમાં અને 1.39 કરોડ શહેરોમાં હતા.
- ભારતના શ્રમબળમાં જાતીય તફાવતો વધ્યા છે. જેનું કારણ શ્રમબળમાં સ્ત્રીઓના ભાગનો ઘટાડો છે. સ્ત્રીઓની રોજગારીમાં હિસ્સેદારીનો આ ઘટાડો મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળ્યો છે.
- ભારતમાં 'આયુષમાન ભારત' અને 'મિશન ઈન્દ્રધનુષ' જેવી પહેલના કારણે સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધતામાં વધારો થયો છે. મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત 3.39 કરોડ બાળકો, 87.18 લાખ ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી હતી.
- ભારતમાં કુલ ગ્રામ્ય પરિવારો પૈકી 76.7% પરિવારો પાસે પાકું બાંધકામ ધરાવતું મકાન છે જ્યારે શહેરી વિસ્તારોમાં 96% પરિવારો પાકા બાંધકામનું મકાન ધરાવે છે.
- ભારતમાં ખાદ્ય સુરક્ષાના કાર્યોની સાતત્યતા વધારવા માટે તથા સંવેદનશીલ સમુદાયોના લોકોની ખાદ્ય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સર્વે દ્વારા નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા છે.
  – વધતા જતાં ખાદ્ય સબસિડીના બિલને નિયંત્રણમાં લાવવું.
  – NFSA હેઠળની કિંમતોને તથા તેના કવરેજ (વિસ્તાર) વિશે પુનઃવિચારણા કરવી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Economic Survey Mains Questions

1. ભારતને 5 ટ્રિલિયન ડોલર અર્થતંત્ર બનાવવા માટે 'સંપત્તિ નિર્માણ' કરવું અતિ આવશ્યક છે. જેના પર આર્થિક સર્વેએ પણ જોર આપેલું છે. હાલની અર્થતંત્રની પરિસ્થિતિના સંદર્ભે તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.
2. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ'માં ભારતનો ક્રમાંક સુધર્યો છે, શું જમીની સ્તર પર આ બાબતો સફળ બની છે ? ચર્ચા કરો.
3. હાલના સમયમાં ભારતના વૃદ્ધિ દરને લગતા આંકડાઓ અને અનુમાનો પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ પ્રશ્નો પાછળના તર્ક જણાવો. આ પ્રશ્નોનું સમાધાન કઈ રીતે થઈ શકે છે ?
4. બેંકિંગ ક્ષેત્રે NPA એક સમસ્યા છે, તે ઉદ્‌ભવ થવા પાછળના કારણો જણાવો. હાલમાં NPAની સમસ્યા હળવી થઈ રહી છે, તેના પાછળ કયાં કારણો જવાબદાર છે ? ચર્ચા કરો.
5. 'થાલીનોમિક્સ' શું છે ? ભારતને ટકાઉ વિકાસ આપવામાં તથા સમાવેશી વિકાસની ધારણાને પરિપૂર્ણ કરવા માટે તે કઈ રીતે ઉપયોગી બની શકે છે ?